# BUSINESS મિત્ર Plus

## પ્લેટિનમ-પેલેડિયમમાં ધુંઆધાર તેજી, ચાંદીમાં નવા ઉંચા ભાવ



સોના ચાંદીની તેજી હવે પ્લેટિનમ પેલેડિયમમાં પણ પ્રસરી છે. નાયમેક્સ વાયદામાં પ્લેટિનમ ૨૦૦૦ ડોલર થઇ ગયું છે. હાજર પ્લેટિનમ એપ્રિલ ૨૦૨૫માં ૮૯૨ ડોલર હતું તે આજે ૧૯૮૫ ડોલર થઇ ગયું છે. આઠ માસમાં ભાવ બમણું થયું છે. પેલેડિયમ જૂલાઇ ૨૦૨૫માં ૮૨૮ ડોલર હતું તે હાલ ૧૭૨૦ ડોલર થઇ ગયું છે. પેલેડિયમ પાંચ માસમાં બમણું થયું છે. ન્યુયોર્ક ચાંદીમાં ગત સપ્તાહે ૬૭.૪૩ ડોલરનો નવો હાઇ બન્યો, એમસીએક્સ ચાંદીમાં ૨૦૮૬૦૦નો નવો હાઇ બન્યો. ૭૦૦૦૦થી વધી ચાંદી ૨૦૮૦૦૦ થઇ ગઇ છે. સોનું પણ માર્ચ ૨૦૨૪માં ૧૮૫૦ ડોલર હતું તે અઢી ગણુ વધીને ૪૩૫૦ ડોલર થઇ ગયું છે. અમે અગાઉ નિર્દેશ આપ્યા હતા કે ૨૦૨૬ના વરસમાં પ્લેટિનમ ડાર્ક હોર્સ દેખાય છે. આગળ પર પ્લેટિનમ ૨૪૦૦-૨૫૦૦ ડોલર સુધી જવાની પ્રબળ શકયતા છે. ભાવોને રી-રેટિંગની રીતે જોઇએ તો ફેબ્રુઆરી ૨૦૦૭માં પ્લેટિનમની મોટી તેજી થઇ ત્યારે ૨૧૮૦ ડોલર ટોપ બન્યું હતું. એ પછી અમેરિકામાં ૨૦૦૮ની સબપ્રાઇમ કટોકટીમાં ૨૬ ઓકટોબરે ૭૫૨ ડોલરનું પહેલુ બોટમ બની રિએકશન રૂપી હાઇમાં ઓગષ્ટ ૨૦૧૧માં ૧૮૦૦ ડોલરની સેકન્ડ પીક બની, એ પછી કોરોના કટોકટીમાં ઓલટાઇમ લો ૭૩૨ ડોલર થયો. ૨૦૧૨-૨૦૨૪ વચ્ચે અંદાજે ૧૨ વરસ રેન્જ બાઉન્ડ રહ્યા પછી ૨૦૨૫માં તેજીનો બ્રેકઆઉટ આવ્યો છે. ૧૯૯૦-૨૦૧૦ના ગાળામાં પ્લેટિનમ એવરેજ સોના કરતા પ્રિમિયમે વેચાતું હતું. પ્લેટિનમનો મુખ્ય ઉપયોગ પ્રદુષણ નિયંત્રીત કરતી એમીસન ડિવાઇસમાં, ખાસ કરીને ડિઝલ વાહનોના કેટેલીક કનવર્ટરમાં થાય છે.

સિસ્ટર મેટલ પેલેડિયમમાં હવે રહીરહીને તેજી શરુ થઇ છે. પ્લેટિનમની તુલનામાં પેલેડિયમની તેજીમંદી ઘણી મોટી હોય છે. ૧૯૯૭-૨૦૧૦માં પેલેડિયમનો સટ્ટો ગૂંથાયો ત્યારે ભાવ ૮૨ ડોલરથી ઉછળી ૫૭૦ થયા, એ પછી કરેકશનમાં ૨૦૦૮માં ૧૭૮ થયા, થઇ ૨૦૦૭માં ૧૦૮૯નું ટોપ બની ૨૦૨૦માં કોવિડ બોટમમાં ૧૭૧ થયા. એ પછી યુક્રેન વોરમાં મેગા ટોપ બન્યુ ત્યારે ૨૦૨૨માં ભાવ ૩૪૦૦ ડોલર થયા. ચાલુ વરસે ટેરિફ વોર જાહેર થઇ ત્યારે પેલેડિયમ પણ તૂટયુ અને ભાવ ૮૩૨ થઇ હાલમાં ૧૭૭૦ થયા છે. જે અગાઉના ટોપ ૩૪૦૦ કરતા ૫૦ ટકા નીચા છે. ૨૦૧૨-૨૦૨૪ના અરસામાં કલામેટ ચેન્જ, ઇવી, એનર્જી ટ્રાન્ઝિશન ગાજતા રહયા, ખાસ કરીને ઓબામા, બાઇડેન વહીવટીતંત્ર વખતે ઇવી બુમ અને પેટ્રોલ-ડિઝલ વાહનો ૨૦૩૫થી બંધ કરવાના યુરોપિયન મેન્ડેટ પછી બજાર તૂટી ગઇ. ૨૦૨૫મા પ્રમુખ

**બિરેન વકીલ**

ટ્રમ્પે ડ્રિલ બેબી ડ્રીલનો નારો આપી ગ્રીન મેન્ડેટ, ઇવી સબસીડી ફગાવી દીધી એટલે લાંબા વિરામ પછી પેટ્રોલ-ડિઝલ કારોનું કમબેક દેખાય છે. ઇવી કારો મામલે ચીને અમેરિકા-યુરોપની બજારો તોડી નાખી છે. હવે હાઇબ્રીડ ઇલે વાહનો તરફી ઝોક વધ્યો છે. પ્લેટિનમમાં પુરવઠાની ખાધ, લાંબા સમયથી અંડરઇન્વેસ્ટમેન્ટ જોતા લાંબા ગાળાની બુલ મારકેટ લાગે છે. પ્લેટિનમ વધઘટે ૩૫૦૦ ડોલર પહોચે તો નવાઇ નહી. હાઇડ્રોજન ઇકોનોમીમાં પ્લેટિનમનો મોટો રોલ છે. અમેરિકાએ પ્લેટિનમ, પેલેડિયમ, ચાંદીને ક્રિટિકલ મેટલ જાહેર કર્યા છે. સોનાની તુલનાએ પ્લેટિનમ ઘણુ નીચુ હોઇ હાલમાં ચીન અને અમેરિકામાં પ્લેટિનમ ઇટીએફ, વાયદાઓ, હાજરમાં સ્ફોટક તેજી શરુ થઇ છે. પેલેડિયમ પણ એમીસન ડિવાઇશમાં મહત્વની મેટલ છે. પેલેડિયમ પેટ્રોલ વાહનોની એમીસન ડિવાઇસ, ડેન્ટિસ્ટ્રી, વગેરેમાં વપરાય છે.

### રૂપિયામાં શાનદાર રિબાઉન્ડ- કોમોડિટીઝમાં ૨૦૨૦-૨૦૩૨ની સુપર સાયકલમાં લીડર બુલિયન, પાછોતરી તેજી કોલસો-એગ્રી-કોટનમાં

બેઝ મેટલ્સમાં પણ કોપર અને ટીનના આગેવાનીએ જબરદસ્ત તેજી છે. એઆઇ ડેટાસેન્ટરની જંગી વીજળી જોઇએ, એ માટે મોટા પાયે વીજળીની ગ્રીડ વધારવી પડે, કોપરમાં ડિમાન્ડ કુદકેને ભૂસકે વધે છે, એની સામે કાચા માલની તંગી છે. લંડન કોપર વાયદામાં ૧૧૯૫૦ ડોલરનો નવો હાઇ જોવાયો છે. ઓલટાઇમ સેમીકંડકટર ઇલેક્ટ્રોનિકસ સોલ્ડરીંગની મેટલ ટીનમાં પણ ધુઆંધાર તેજી છે. લંડન ટીનમાં ૪૩૮૦૦નો ભાવ, ૩ વરસનો હાઇ જોવાયો છે. કોપર અને ટીન વધઘટે ૧૩૦૦૦ અને ૫૨૦૦૦ જેવા નવા હાઇ બતાવે તો નવાઇ નહી.

શેરબજારોની વાત કરીએ તો નાતાલ મૂડના પાંખા કામકાજ વચ્ચે પ્રોફિટબુકિંગ અને ડિપ બાઇંગ વચ્ચે નિફટી ૨૫૭૦૦-૨૬૨૦૦ની રેન્જમાં અથડાય છે. જાપાને વ્યાજદર વધાર્યા પણ નિકકીમાં નેગેટિવ અસર પચાવાઇ ગઇ. અમેરિકામાં મંગળવારે જોબ ડેટા થોડો સારો આવ્યો. ઓવરઓલ માનસ સાવચેતીનું છે. વૈશ્વિક સ્તરે અમેરિકા-યુરોપ-યુકેમાં વીજળીના ભાવો ચાલુ વરસે ૧૫-૨૫ ટકા વધ્યા છે. એઆઇ ઇકોનોમીની ડેટા સેન્ટર, વીજળીની ભુખ ૨૦૨૬માં પડકારરુપ છે. એઆઇ બબલ મામલે કરોડો ડોલરના આંધણ પછી હવે રોકાણકારોને રિટર્ન માગવાનો હક છે. નેટ ઝિરોના ગોલ પાછા ઠેલાય છે. રશિયા, યુક્રેન, ગાઝા, સિરિયા વોર તો ચાલુ છે પણ હવે વેનેઝુએલા અમેરિકા અને ચીન-જાપાન તેમજ ચીન-તાઇવાન તંગદીલી, થાઇલેન્ડ કમ્બોડિયા તનાવ, આફ્રિકામાં રવાન્ડા-કોંગો તનાવ મેજર ચેલેન્જ છે. કરન્સીના મોરચે રૂપિયાનો શાનદાર રિબાઉન્ડ જોતા વિનીમયદર મામલે આરબીઆઇનો રૂપિયા પર પુરેપુરો કાબુ છે. રૂપિયો ૯૧.૦૭થી ઉછળી ૮૯.૨૭ થઇ ગયો છે. ડોલર અને બીટકોઇન સ્ટેબલ થઇ રહ્યા છે. કોમોડિટીઝમાં ૨૦૨૦-૨૦૩૨ સુધીની સેક્યુલર બુલ માર્કેટ દેખાય છે. ૨૦૨૧-૨૦૨૫માં તેજીની લીડરશીપ સોનાચાંદી, પ્લેટિનમ-પેલેડિયમે, કોપર, ટીને લીધી, ૨૦૨૬-૨૦૨૮માં તેજીની લીડરશિપ કદાચ તેલીબીયાં-અનાજ લેશે- ક્રુડ -ગેસ- કોલસો લેશે. ૨૦૨૮-૨૦૩૨ના આખરી તબક્કામાં પામતેલ, કોટન, મકાઇ જેવી એગ્રી કોમોડિટીમાં તેજી આવી શકે. એગ્રીકોમોડિટીઝ લાંબા સમયથી મંદીમાં છે.

## ૩૫ ટકા રેસ્ટોરાંઓ ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સનો ઉપયોગ બંધ કરવા માગે છે



છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા દેશમાં પણ ફૂડ ડિલિવરી સેવાઓનો ઘણો વિકાસ થયો છે. ઝોમેટો, સ્વીગી જેવા ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સ તમારા મનપસંદ રેસ્ટોરાંમાંથી તમારા ઓર્ડર મુજબની વાનગી લઇને તમને ઘરબેઠા પહોંચાડે છે. જો કે તેમનું કમિશન ઉમેરાવાને કારણે આ ભોજન તમને થોડું મોંઘુ જરૂર પડે છે. સમયનો અભાવ હોય પરંતુ નાણા ખર્ચવાની તૈયારી હોય તેવા ઘણા લોકો માટે આ સેવા આશીર્વાદ સમાન બની ગઇ છે. પરંતુ હવે એક એવા અહેવાલ આવ્યા છે કે દેશના ૩૫ ટકા જેટલા રેસ્ટોરાંઓ ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સ સાથેના પોતાના જોડાણો કાપી નાખવા માગે છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ (NCAER) અને પ્રોસેસના અહેવાલ મુજબ, દર ત્રણમાંથી એક રેસ્ટોરન્ટ ઊંચા કમિશનને કારણે ફૂડ ડિલિવરી પ્લેટફોર્મમાંથી બહાર નીકળવાની યોજના ધરાવે છે. આ ઘટનાવિકાસ એ સમયે થયો છે જ્યારે ભારતના

**ઓફ-બીટ**

ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ક્ષેત્રનો વિકાસ ઝડપી ગતિએ થઈ રહ્યો છે, નાણાકીય વર્ષ 2023-24માં આ ક્ષેત્રનું કુલ રૂા. 1.2 ટ્રિલિયનનું આઉટપુટ રહ્યું છે.

રિપોર્ટ મુજબ 35.4 ટકા રેસ્ટોરન્ટ્સ ઉંચુ કમિશન, નબળી ગ્રાહક સેવા અને અપૂરતા નફા, ઓછા ઓર્ડરો અને અપૂરતા ગ્રાહકોનું કારણ આપીને ફૂડ ડિલિવરી પ્લેટફોર્મનો ઉપયોગ બંધ કરવા તૈયાર છે. ઓછામાં ઓછા 30 ટકા રેસ્ટોરન્ટ્સે ફૂડ ડિલવરી કંપનીઓનું કમિશન ઘટાડવાની માગણી કરી હતી. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે 2023માં સરેરાશ પ્રતિ ઓર્ડર કમિશન 2019માં 9.6 ટકાથી વધીને 24.6 ટકા થયું છે. તેમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે મધ્યમ અને મોટા રેસ્ટોરન્ટ્સ અથવા ફૂડ ચેઇન્સમાં નાની ખાણીપીણીની દુકાનો કરતાં પ્રમાણમાં વધુ વાટાઘાટો કરવાની શક્તિ હતી. વધુમાં, 47.1 ટકા ફૂડ જોઇન્ટ્સે માન્યું કે ડિલિવરી પ્લેટફોર્મની પ્રથાઓ, જેમાં કમિશન સ્ટ્રક્ચર અને લવચીક કમિશન વિશે પારદર્શિતાનો સમાવેશ થાય છે, તે ન તો વાજબી છે કે ન તો ગેરવાજબી. 35 ટકા રેસ્ટોરાંએ કહ્યું કે તે કાં તો વાજબી છે અથવા સંપૂર્ણપણે વાજબી છે. આ બાબતો થોડું ઉલટસુલટ ચિત્ર પણ રજૂ કરે છે. વિવાદનો બીજો મુદ્દો માહિતી શેરિંગ છે, ઘણી રેસ્ટોરાં દલીલ કરે છે કે ફૂડ-ડિલિવરી પ્લેટફોર્મ ગ્રાહકોનો ડેટા શેર કરતા નથી, જેના કારણે ખાણીપીણી માટે તેમનો ગ્રાહક આધાર વધારવાનું મુશ્કેલ બને છે. જો કે અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે 67 ટકા રેસ્ટોરાંએ અહેવાલ આપ્યો છે કે પ્લેટફોર્મે તેમની સાથે ગ્રાહકોના નામ શેર કર્યા છે. પ્લેટફોર્મ્સ રેસ્ટોરાંને, ખાસ કરીને સૂક્ષ્મ અને નાના રેસ્ટોરાંને, વધુ ડેટા એનાલિટિક્સ પ્રદાન કરી શકે છે. તેઓ જે માહિતી શેર કરે છે તેનું પ્રમાણીકરણ અને સ્પષ્ટતા વધારીને તેઓ મૂલ્યમાં વધુ વધારો કરી શકે છે, જેનાથી તમામ રેસ્ટોરાં, ખાસ કરીને ટાયર-3 શહેરોમાં સશક્ત બને છે એમ અહેવાલમાં જણાવાયું છે. ઝોમેટો અને સ્વિગી રેસ્ટોરાં સાથે ગ્રાહક માહિતી શેર કરવાનું શરૂ કરવા માટે નેશનલ રેસ્ટોરાં એસોસિએશન ઓફ ઇન્ડિયા (NRAI) સાથે વાટાઘાટો કરી રહ્યા હોવાના અહેવાલ છે. રેપિડોની નવી ફૂડ ડિલિવરી સેવા, ઓવનલી, રેસ્ટોરાં સાથે ગ્રાહક માહિતી શેર કરવા માટે NRAI સાથે પહેલાથી જ કરાર પર હસ્તાક્ષર કરી ચૂકી છે. અન્ય પ્લેટફોર્મ ટૂંક સમયમાં સમાન મોડેલ અપનાવી શકે છે.

અલબત્ત, સમસ્યાઓ હોવા છતાં, ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ રેસ્ટોરાં માટે આવકના પ્રવાહમાં વધારો કરી રહ્યા છે. અહેવાલ મુજબ, ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સમાંથી આવકનો સરેરાશ હિસ્સો 22.1 ટકાથી વધીને 28.8 ટકા થયો છે. જો કે , ટાયર-3 શહેરોમાં સ્થિત રેસ્ટોરાં આ પ્લેટફોર્મ્સમાંથી આવકના હિસ્સામાં ઘટાડો થવાનો વિપરીત વલણ દર્શાવે છે, જે રોગચાળા દરમિયાન ટોચ પર હતો. 2023માં, નાના રેસ્ટોરાંની આવકનો એક તૃતીયાંશ ભાગ ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સમાંથી આવ્યો હતો. ઘણા ખાણીપીણી સ્ટોરો પણ જાહેરાત અને સંચાલન માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યા છે. લગભગ 49 ટકા રેસ્ટોરાં જાહેરાત માટે ફૂડ ડિલિવરી પ્લેટફોર્મનો ઉપયોગ કરતા હતા. જ્યારે પૂછવામાં આવ્યું કે શું ખાસ ઝુંબેશ દરમિયાન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સ પર ડિસ્કાઉન્ટ ઓફર કરવું ફરજિયાત છે, ત્યારે ફક્ત પચ્ચીસ ટકા તેની સાથે સંમત થયા. ટાયર-3 શહેરોમાં 44.2 ટકા રેસ્ટોરાંએ કહ્યું કે તે જરૂરી છે. ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સ સાથે ખાસ કરીને નાના રેસ્ટોરાંઓ અને સ્ટોરો અને નાના શહેરોમાં સમસ્યાઓ છે અને તેમને હાથ ધરાવાના પ્રયાસો કરવા જરૂરી છે.

### રિપોર્ટ મુજબ 35.4 ટકા રેસ્ટોરન્ટ્સ ઉંચુ કમિશન, નબળી ગ્રાહક સેવા અને અપૂરતા નફા, ઓછા ઓર્ડરો અને અપૂરતા ગ્રાહકોનું કારણ આપીને ફૂડ ડિલિવરી પ્લેટફોર્મનો ઉપયોગ બંધ કરવા તૈયાર છે

## રોકાણકારોનો શેરબજારમાં અતુટ વિશ્વાસ રહ્યો, ઈક્વિટીમાં 4.5 લાખ કરોડનું રોકાણ



છેલ્લા કેટલાક વર્ષોથી રોકાણકારોનું વલણ બદલાયું છે. ભારતીય શેરબજારમાં રોકાણકારોની રૂચિ વધતી જોવા મળી રહી છે. જેથી સ્થાનિક રોકાણકારો ભારતીય શેરબજારમાં ભારે રોકાણ કરી રહ્યા છે. આ વર્ષની જ વાત કરીએ તો રોકાણકારોએ શેરબજારમાં રોકાણનો ધોધ વરસાવ્યો છે. આ વર્ષે સ્થાનિક રોકાણકારોએ મ્યુચ્યુઅલ ફંડ્સ અને અન્ય પરોક્ષ રોકાણ ચેનલો દ્વારા ઇક્વિટી માર્કેટમાં 4.5 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ બતાવે છે કે ઘરની બચત ધીમે ધીમે મૂડી બજાર તરફ આકર્ષિત થઇ રહી છે.

એનએસઇ દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટ અનુસાર કોરોના કાળ પછી દેશમાં રિટેલ રોકાણકારોનો આધાર ઝડપથી મજબૂત થયો છે. વર્ષ 2019માં આશરે ત્રણ કરોડની સરખામણીમાં વર્ષ 2025 સુધીમાં વ્યક્તિગત રોકાણકારોની સંખ્યા વધીને 120 મિલિયનથી વધારે થઇ ગઇ છે. એનએસઇના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વૃદ્ધિને માત્ર ડાયરેક્ટ ઇક્વિટી રોકાણોમાં ભાગીદારી દ્વારા જ નહીં, પરંતુ મ્યુચ્યુઅલ ફંડ્સ અને અન્ય બજાર આધારિત ઉત્પાદનોની વધતી લોકપ્રિયતાથી પણ ટેકો મળ્યો છે.

વર્ષ 2020 પછી, ભારતમાં માર્કેટ લિંક્ડ ડિવાઇસમાં સ્થાનિક રોકાણ વધીને લગભગ 17 લાખ કરોડ રૂપિયા થઇ ગયું છે. આ દર્શાવે છે કે દેશમાં લાંબા ગાળાની બચત અને રોકાણની પેટર્નમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રોકાણકારોની સંખ્યામાં વધારાની અસર ઇક્વિટી રોકાણ પર પણ સ્પષ્ટપણે દેખાઇ રહી છે. આ વર્ષે સ્થાનિક રોકાણકારો દ્વારા બજારમાં આશરે 4.5 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે.

વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ ચાલી રહ્યો છે, જેમાં જીયો પોલીટીકલ ઇશ્યુની સાથે ટેરિફ વોરથી શેરબજાર બેઉતરફી વધઘટ સાથે અથડાતું જોવા મળી રહ્યું છે. કોમોડિટીઝ બજારમાં તેજી જોવા મળી છે અને સોના-ચાંદીના ભાવો ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયા છે, આમ છતાં શેરબજારમાં રોકાણકારોનો વિશ્વાસ જળવાઇ રહેલો જોવા મળ્યો છે અને રોકાણકારોનો મ્યુચ્યુઅલ ફંડ સહિત અન્ય રોકાણ યોજનાઓમાં રોકાણ થતું રહેતું જોવા મળ્યું છે.

જો કે, સ્થાનિક રોકાણકારોની મજબૂત ભાગીદારી હોવા છતાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ

**ઇકોનોમી ઇન્સાઇડર**

વર્ષ દરમિયાન ભારતીય શેરબજારમાં મર્યાદિત રસ દર્શાવ્યો હતો. વિદેશી રોકાણકારોએ તેમના રોકાણોમાં ઘટાડો કરવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે સ્થાનિક રોકાણકારોની વધતી ભાગીદારીએ અસ્થિર વિદેશી મૂડીના પ્રવાહની અસરને મોટાભાગે ઘટાડી છે અને બજારને બાહ્ય આંચકાઓનો સામનો કરવા માટે સક્ષમ બનાવ્યું છે. રિપોર્ટ અનુસાર, સ્થાનિક રોકાણકારોની મજબૂતીની અસર પ્રાયમરી માર્કેટમાં પણ જોવા મળી છે. 2025માં કંપનીઓ દ્વારા મૂડી એકત્રીકરણનું સ્તર 2024ની તુલનામાં વધુ રહ્યું છે. એનએસઇના અહેવાલમાં એમ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા એક મોટો પડકાર છે. ભારતને યુએસમાં નિકાસ પર લાદવામાં આવેલા ટેરિફમાં ભારે વધારાનો સામનો કરવો પડ્યો હતો. દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો ચાલુ હોવા છતાં ટેરિફમાં વધારાનો 50% વધારો નોંધવામાં આવ્યો હતો. આ વિકાસની અસર વર્ષના શરૂઆતના ભાગમાં કંપનીઓની કમાણી અને મૂડી પ્રવાહ પર પડી હતી. જોકે, અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે બજારની અસ્થિરતાએ એડજસ્ટમેન્ટની તકો પણ પુરી પાડી છે. સ્થાનિક રોકાણકારોએ કિંમતની અસ્થિરતા સહન કરી હતી, સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કમાણીમાં સુધારો થયો હતો અને વધુ સારી નાણાકીય સાક્ષરતા વધુ સ્થિર અને લાંબા ગાળાના રોકાણની વર્તણૂક તરફ દોરી ગઇ હતી.

### માર્કેટ લિંક્ડ ડિવાઇસમાં સ્થાનિક રોકાણ વધીને લગભગ 17 લાખ કરોડ રૂપિયા થયું

## VB-G RAM G યોજના વાવણી-લણણીના સમયે અટકાવવાની છૂટની જોગવાઈથી ખેડૂતોને મજૂરોનું શોષણ કરવાનું પ્રોત્સાહન મળશે?



મનરેગાની જગ્યાએ નવી રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) (VB-G RAM G) યોજના અમલમાં આવી રહી છે. ગ્રામીણ રોજગાર યોજનામાંથી ગાંધીજીનું નામ પડતું મૂકવા સહિતના અનેક વિવાદો તો છે જ પરંતુ તેમાંનું એક પાસુ એ છે કે તે ગરીબ મજૂરોના શોષણ માટેના દરવાજા પણ કેટલાક દિવસો દરમ્યાન ખોલી શકે છે. રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) (VB-G RAM G) માટે નવા વિકાસ ભારત ગેરંટી બિલના સૌથી વિવાદાસ્પદ પાસાઓમાંનો એક, જે 20 વર્ષ જૂના મનરેગાને બદલવાનો પ્રયાસ કરે છે, તે એ છે કે તે રાજ્યોને વાવણી અને લણણીની મોસમ દરમિયાન તેમની પસંદગીના 60 દિવસ માટે યોજનાને સ્થગિત કરવાની સત્તા આપે છે.

બિલમાં આ જોગવાઈએ ઘણા વાંધાઓ ઉભા કર્યા છે, જેમાં નાગરિક સમાજના એક વર્ગે આરોપ લગાવ્યો છે કે તે મેન્યુઅલ કેઝ્યુઅલ મજૂરની સોદાબાજી શક્તિને ઘટાડશે, કારણ કે મનરેગા

**કરન્ટ-ટોપિક**

સલામતી જાળ તરીકે કામ કરતી અને જો ખેતર માલિકો તેમને વેતનની દ્રષ્ટિએ વધુ સારો સોદો ન આપે તો ફોલબેક વિકલ્પ તરીકે કામ કરતી હતી. ડેટા દર્શાવે છે કે સામાન્ય રીતે, દરેક નાણાકીય વર્ષમાં જુલાઈથી નવેમ્બર દરમિયાન MGNREGS માટે કામની માંગમાં ઘટાડો થાય છે, જે સમગ્ર ભારતમાં પીક ખરીફ અને રવિ વાવણી અને લણણીની મોસમ સાથે સુસંગત છે. આનો અર્થ એ પણ થયો કે ખેતરો વાવણી અથવા લણણીના સમય દરમિયાન કેઝ્યુઅલ મજૂરોને વધુ સારું વેતન આપે છે, અથવા મનરેગા વેતન એટલું ઓછું હતું કે તે કામદારો માટે પ્રથમ પસંદગી ન હતા અને ફક્ત કટોકટીના સમયે સલામતી જાળ તરીકે કામ કરતા હતા.

આ સલામતી જાળ ખતમ થઈ ગયા પછી, નાગરિક સમાજ જૂથો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે તે શ્રમ બજારને શોષણ માટે ખોલી શકે છે. સરકારે અભિપ્રાય આપ્યો હતો કે કામમાં બે મહિનાનો વિરામ સતત નહીં પણ એકીકૃત કરવો પડશે અને મહત્વપૂર્ણ કૃષિ કામગીરી દરમિયાન મજૂરોની અછતને અટકાવશે અને મજૂરોને ગેરંટીકૃત-વેતન કાર્યસ્થળો તરફ વળતા અટકાવશે. આ બદલામાં, વેતન ફુગાવાને અટકાવશે, કારણ કે ટોચના સમયગાળા દરમિયાન જાહેર કાર્યો બંધ કરવાથી કૃત્રિમ વેતન ફુગાવો અટકે છે જે ખાદ્ય ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે. ગુરુવારે આ બિલ લોકસભામાં પસાર થયું છે. આ ખરડા માટે આમ પણ અનેક વિવાદો છે અને તેમાં આ જોગવાઇ બાબતે બહુ ચર્ચા થઇ નથી પરંતુ જાણકારો કહે છે કે ગરીબ મજૂરોનું શોષણ કરવા માટેના દરવાજા આના કારણે ખુલી જશે. ખેતરોમાં વાવણી કે લણણીનું કામ ચાલતુ હોય તેવા જ સમયે મનરેગા હેઠળ પણ કામ મળવાનું ચાલુ હોય તો ગરીબ મજૂરો પાસે સસ્તા દરે મજૂરી કરાવવાનુ ખેડૂતો માટે મુશ્કલ બનતું હતું કારણ કે મજૂરો પાસે મનરેગાના કામના સ્થળે જઇને ત્યાં કામ કરીને કમાણી કરવાનો માર્ગ ખુલ્લો રહેતો હતો. હવે આ નવી યોજનામાં રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે તેઓ વાવણી કે લણણીના સમયગાળા દરમ્યાન ૬૦ દિવસ માટે આ યોજના સ્થગિત રાખી શકે છે. તેથી મજૂરો પાસે બીજો કોઇ વિકલ્પ રહેશે નહીં અને ખેડૂતો તેમની પાસે સસ્તા ભાવે મજૂરી કરાવી શકે છે.

### ખેતરોમાં વાવણી કે લણણીનું કામ ચાલતુ હોય તેવા જ સમયે મનરેગા હેઠળ પણ કામ મળવાનું ચાલુ હોય તો ગરીબ મજૂરો પાસે સસ્તા દરે મજૂરી કરાવવાનુ ખેડૂતો માટે મુશ્કલ બનતું હતું કારણ કે મજૂરો પાસે મનરેગાના કામના સ્થળે જઇને ત્યાં કામ કરીને કમાણી કરવાનો માર્ગ ખુલ્લો રહેતો હતો